**સુરતના મહે.૮મા એડી.જયુડી.મેજી.ફ.ક સાહેબશ્રીની કોર્ટમાં,મુ.સુરત.**

**ક્રિમીનલ કેસ નં.૧૭૩૩૭/૨૦૨૦**
**આંક:–**

## **–: ચુકાદો :–**

(૧) આ કામે આરોપીઓ સામે ધી જુગારધારા કલમ–૪,૫ મુજબના ગુન્હા અંગે સંબંધીત પો.સ્ટે દ્વારા કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરવામા આવેલ છે. આ કામે આરોપી નં.૧ તથા આરોપી નં.૩ થી ૮ ની જુગારધારા કલમ–૪,૫ મુજબની પ્લી નોંધવામાં આવેલ છે. જેમા તેઓએ ગુન્હાનો સ્વીકાર કરતુ નીવેદન આપેલ છે. આ કામે આરોપી નં.ર મૃત્યુ પામેલ છે જે મરણ પ્રમાણપત્ર આ કામે રજુ રાખવામાં આવેલ છે. વધુમાં આરોપી નં.૧ થી ૮ નાઓએ અલગથી કબુલાત પુરસીસ રજુ કરી ગુન્હાની કબુલાત કરેલ છે તથા આરોપી નં.૧ થી ૮ નાઓએ રોકડ રકમ અંગે નો–કલેઈમ પુરસીસ રજુ કરેલ છે. જે રેકર્ડ કરી આરોપી નં.૧ થી ૮ નાઓને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપી નં.૧ થી ૮ નાઓની ગુન્હાની કબુલાત ન માનવાને કોઈ કારણ નથી અને તેણે દયાની માંગણી કરેલ છે. તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું તે જણાવે છે. હવેથી આવો ગુન્હો નહીં કરવાની તે ખાત્રી આપી પોતાની ભુલ સુધારતા માંગતા હોવાનું જણાવે છે. તથા આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાનું જણાવે છે. વધુમાં આરોપી નં.૧ થી ૮ નાઓની કબુલાત પુરસીસ તેની મૌખિક દલીલો ધ્યાને લીધી તથા નામ.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વી.નટવરજી ઠાકોર ૨૦૦૫(૧) જીએલઆર પાના નં ૭૦૯ વાળા ચુકાદામા જણાવ્યા મુજબ જો ખાસ સંજોગો હોય તો કાયદામા જણાવેલ ઓછામા ઓછી સજા કરતા પણ ઓછી સજા કોર્ટ કરી શકે જે સીધ્ધાંત ને ધ્યાને રાખતા સદરહુ આરોપીને જો એક સુધરવાની તક આપવામા આવે અને તેને યોગ્ય દંડ કરવામા આવે તો ન્યાયનો હેતુ જળવાય જેથી ફરીયાદના ગુન્હાની જોગવાઈ ધ્યાને લેતાં સદર કેસમાં આરોપી નં.૧ થી ૮ નાઓને ઓછામાં ઓછો દંડ કરવો મને ન્યાયી અને ઉચિત જણાતુ હોય નીચે મુજબનો છેવટનો હુકમ ફરમાવુ છું.

## **–: હુકમ :–**

(૧) આરોપી નં.૧) મુકેશભાઈ અમુલકભાઈ લાખાણી, આરોપી નં.ર) દિનેશભાઈ અમુલકભાઈ લાખાણી (મરણ), આરોપી નં.૩) રાજેશભાઈ મોહમદઅલી લાખાણી, આરોપી નં.૪) સલીમભાઈ મોહમદઅલી લાખાણી, આરોપી નં.૫) સાજીદ સિરાજભાઈ ગીલાણી, આરોપી નં.૬) કિંજલભાઈ પ્યારભાઈ સતાણી, આરોપી નં.૭) બહાદુરભાઈ સહાબુદીનભાઈ મકાણી, આરોપી નં.૮) રહીમભાઈ ચતુરભાઈ વિરાણી નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૨ મુજબ ધી જુગારધારા કલમ– ૪,૫ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૮૦૦/– (અંકે રૂપિયા આઠસો પુરા)ના દંડની તથા કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવવામાં આવે છે જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૧ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે .

(૨) મુદામાલ રોકડ રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામા આવે છે જો મુદામાલ કોર્ટમા જમા ન હોય તો પો.સ્ટેમા સત્વરે યાદી કરી તે રકમ કોર્ટમા જમા કરાવવાનો હુકમ કરવામા આવે છે. બાકીનો બીનકીમતી મુદામાલ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે જો આરોપીએ કોઈ કીમતી મુદામાલ વચગાળાના હુકમે છોડાવેલ હોય તો તે આખરી રાખવામા આવે છે અને જો આરોપીએ છોડાવેલ ન હોય તો જે તે પો.સ્ટે.ના પી.આઈ શ્રી એ જાહેર હરાજી કરી તે ઉપજેલ રકમ સરકાર જમા કરવી અને તે ચલણની એક નકલ અત્રેની કોર્ટમા જમા કરવી.

આ હુકમ તારીખ ૨૬મી, માહે–જુન, સને–૨૦૨૨ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૬/૦૬/૨૦૨૨ (કુ.એસ.એન ફાળકી)
સ્થળ : સુરત. આઠમા એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક,સુરત.
**CODE NO.001579**